સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

લાંચ, ભ્રષ્ટાચાર, કૌભાંડો ને ખાયકીમાં મથ્યું છે,
ભણતર અને ભણનારનું સ્તર કથડ્યું છે,
જાય છે પરિણામો વરસો-વર્ષ નીચાં ને નીચાં -
પ્રાથમિક ને માધ્યમિકનું શિક્ષણ લથડ્યું છે..

હાઈકુ

પ્રવેશોત્સવ
નાટક ને ભવાઇ -
કરૂણ અંત..

ગુણોત્સવના
દેખાયા છે દુર્ગુણ -
પરિણામોમાં...

ચિંતન

જિહ્વાલોલ્ય પ્રસક્તાનાં જલમધ્ય નિવાસિનામ્ । અચિન્તિ તો વધોઅજ્ઞાનાં મીનાનામિવ જાયતે ॥

'જે લોકો જીભની લોલુપતાને કારણે રસાસ્વાદને વશ થઇ - સ્વાદિષ્ટ વાનગીઓ ખાવામાં આસક્તિવાળા થઇ ખાવા પર સંયમ રાખી શકતા નથી. જે તેવામાં જળમાં રહેલાં જીભની અને સ્વાદની આસક્તિવાળા માછલાંની જેમ અચાનક જ વધ થઇ જાય છે અર્થાત મોતને ભેટે છે.'

આજના યુગમાં ફાસ્ટફૂડ, પાર્ટીઓ અને તૈયાર મિષ્ઠાન-ફરસાણ અને બાળકો માટેના નાસ્તાનાં પેકેટોની હવે આપણા જીભ-પરિવારને ટેવ પડી ગઇ છે. ડાયનીંગ ટેબલ એમનો કાયમી નિવાસ થઇ ગયો છે. પરિણામે ભૂખ હોય ન હોય, દાંતની ચક્કી ચાલુ જ પડી હોય છે. ખાવાની લોલુપતાને કારણે પેટ-વજન અને રોગો ચિંતાજનક હદે વધ્યાં કરે છે..

ખાવા પર, જીભ પર મનથી મક્કમ બની જાતે જ સંયમ કેળવી 'બ્રેક'મારવી પડે. ગમે તેવા સારા સ્વાદ-વાનગી હોય છતાં જાતે નક્કી કરેલાં પ્રમાણથી એક પણ કોળીયો વધારે પેટમાં ન જ જવો જોઇએ. નહીં તો રોગો-દવાખાનાં-પૈસાનું પાણી માટે સંપૂર્ણ તૈયારી રાખવી જોઇએ.

સુવિચાર

- સૌથી મોટું એ છે ઘન, જયાં હર્યાભર્યા હોય વન - નટવર હેડાઉ
- બે દુશ્મનો વચ્ચે એવી રીતે બોલવું જોઇએ કે અગર તે બંને દોસ્ત બને ત્યારે તું શરમિંદો ન બને - ઝેન કથન
- અજ્ઞાનીઓ વચ્ચે બેઠેલ વિદ્વાન આંધળાઓ વચ્ચે બેઠેલી માશુક જેવો છે - વજુ કોટક
- નાદાન માટે ચૂપકીદી ઉત્તમ છે, આ વાતની એને ખબર હોત તો એ નાદાન ન હોત - એસ. ભટ્ટાચાર્ય
- તલવાર છેવટનો ઇલાજ છે, જો ખાણમાંના સોનાની કામ થઇ શકતું હોત તો જાનને જોખમમાં નાખવાની જરુર નથી - બી.એન. દસ્તુર
- ભગવાનનો આભાર માનું એટલો ઓછો કે હું મુસીબતમાં ફસાયેલો છું, ગુનાહમાં નહીં - શાહબુદ્દીન રાઠોડ
- જે માણસ મૂર્ખ ને સલાહ આપવા જાય છે, ખરેખર તેને જ સલાહની જરુર છે - ફ્રાઇર વાલેસ

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

સંસાર-વ્યવહારમાં ઘણીવાર એવાં લોકો જોવા મળે છે જેમને બધી બાબતમાં બોલવા-સુધારા સૂચન કરવાની ટેવ હોય બધાને સલાહ-માર્ગદર્શન આપ્યા કરે છે. આજની યુવા પેઢી કોઇનું કંઇ જ સાંભળવા ટેવાયેલી નથી હોતી છતાં એને 'ટોક-ટોક' કરી જાતે જ અપમાનિત થાય છે.

સમજુ-જ્ઞાની લોકો જેમ જ્ઞાન-પ્રકાશ-સમજ આવી ગઇ છે તે લગભગ મૌન રહી. તાટસ્થ્યનો અનુભવ માણે છે. એક પણ શબ્દ બોલતા નથી.

લાઓત્સેના શિષ્યો એક આધ્યાત્મિક ચર્ચાના વિવાદે ચઢ્યા હતા કોઇ કહે ભક્તિથી ભગવાન જલદી મળે, કોઇ કર્મયોગને મહત્ત્વ આપતો હતો તો કોઇ તપનું મહત્ત્વ સમજાવતા હતા.

વિવાદ લાઓત્સે પાસે પહોંચ્યો. શિષ્યોએ પૂછ્યું, સાચો અધ્યાત્મ માર્ગ અને એની પરાકાષ્ઠા કોને કહેવાય? અમને દૃષ્ટાંત દલીલ સાથે સમજાવો..

લાઓત્સે એ કહ્યું, 'જે લોકો જાણે છે તે મનથી માણે છે પણ બોલતા નથી. જે જાણતા નથી એ બહુ બોલે છે, હું બહાર જાઉં છું થોડીવારે પાછો આવીશ આ વાક્યનો અર્થ પૂછીશ - વિચારી રાખજો.'

કોઇ શિષ્ય જવાબ ન આપી શક્યા.

લાઓત્સે એ કહ્યું, અધ્યાત્મ જ્ઞાન એ ગુલાબ છે એની સુગંધ માણી શકાય - શબ્દોથી વર્ણવી ન શકાય. જ્ઞાની મૌન થઇ જાય એ અજ્ઞાની બહુ બોલે છે..

Email - sureshchandrabhatt18@gmail.com

તમારી પોતાની શક્તિમાં અખૂટ વિશ્વાસ રાખજો

રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

(ગયા અંકથી ચાલુ...)

તમે 'પ્રેમ'માં પડવાની ઉતાવળ કદાપિ ન કરશો. પ્રેમ અને શારીરિક આકર્ષણ વચ્ચેનો તફાવત તમને તમારી ઉંમરે નહીં સમજાય. તરુણ વયના છોકરાઓને માત્ર શારીરિક સંબંધમાં રસ હોય છે અને છોકરીઓને લાગણીના સંબંધમાં. બંનેને એકબીજાની ભૂક નહીં સમજાય અને પછી એકમેકના આકર્ષણને 'પ્રેમ'નું નામ આપીને એકબીજોન છેતરશે અને પોતે પણ છેતરાશે. આ ઉંમર તમારી અભ્યાસની કારકિર્દી બનાવવા માટે છે. છોકરા-છોકરીઓને પરસ્પર આકર્ષણ થાય એ સ્વાભાવિક છે. પણ પોતાની મર્યાદાઓને સમજવી ખૂબ જ જરુરી છે. પ્રેમમાં પડવાથી તમારો મહામૂલો સમય બગડશે. ભણવા પર આની વિપરીત અસર થશે. પરીક્ષામાં તમે નાપાસ થશો. રાતની ઉંઘ ગુમાવશો. માબાપ સાથે ઘર્ષણ ઊભું થશે હતાશા મળશે. છોકરી હશો અને અસુરક્ષિત શારીરિક સંબંધથી ગર્ભધારણ થઇ જશે તો વધારાની ઉપાધિ ઊભી કરી બેસશો. એનાં કરતાં થોડું જવાબદારી અને સલામતીથી વર્તશો તો સારું થશે. સાચા પ્રેમનો અર્થ ઘણો ગહન છે. અને એ ધીમે ધીમે વિકાસ પામે છે. એને શારીરિક રુપરંગની સાથે કશો જ સંબંધ નથી. પ્રેમમાં પડેલાં બંને પાત્રો એકબીજા સાથે આદરથી વર્તે છે. સામેની વ્યક્તિની સલામતીની કાળજી લે છે. એ સમજણ, પરસ્પર સંભાળ, ત્યાગ અને લાગણીના પાયા પર રચાયેલો હોયછે. સેક્સની અનિવાર્યતા સાચા પ્રેમમાં ન હોય. થોડી પાકટ બુદ્ધિના થશો ત્યારે જ તમે સાચા પ્રેને ઓળખી શકશો. પ્રેમ કરવા માટે તમારી પાસે આખી જિંદગી પડેલી છે. અત્યારે તમે ભણવા પર ધ્યાન કેન્દ્રિત કરો એ જ હિતાવહ છે. છોકરાઓએ એ જાણવું ખૂબ જરુરી છે કે છોકરીઓને સેક્સમાં નહિ, પણ હૃદયના લાગણીસંબંધમાં રસ હોય છે અને છોકરાઓ કેવળ ક્ષણિક શારીરિક આવેગ દૂર કરવા માટે પોતાનો દુરપયોગ ન કરી જાય એ માટે છોકરીઓએ સાવધાનીપૂર્વક વર્તવું જરુરી છે.

દરમિયાન તમારાં માબાપ તમારા પર ચોક્કસ ભરોસો ધરાવતા હોય છે. એ તમને વિજાતીય વ્યક્તિની સાથે મિત્રતા કરવા દે છે. પરસ્પર હળવા - મળવાની તમને છૂટ આપે છે. એ તમારા પર જે વિશ્વાસ મૂકે છે એનો આદર કરજો. સ્વસ્થ વિજાતીય સંબંધો કેળવવા માટે આ છૂટ તમારે માટે જરુરી છે. પણ તમે એ છૂટછાટનો અણછાજતો લાભ ન લેશો. તમારા માબાપની કસોટીમાં ઊણા ન ઊતરશો. વિશ્વાસભંગ કરીને એમનું હૃદય ન તોડશો.

છોકરા-છોકરીઓના સંબંધમાં તમારા મનમાં અનેક પ્રશ્નો અને જિજ્ઞાસા હશે. એના સમાધાન માટે તમે વૈજ્ઞાનિક ધોરણે લખાયેલાં પુસ્તકો વાંચજો. તમને ગેરમાર્ગે દોરે એ મતલબનાં સામયિકો તમને અનેક મળી રહેશે. ઇન્ટરનેટ પર પણ ગેરમાહિતીઓનો મોટો દરિયો છે. એની દોરવણીમાં ન આવી જશો. પોનોગ્રાફી તમને ખોટા માર્ગે લઇ જસે. મોબાઇલ અને ઇન્ટરનેટનો ઉપયોગ વિવેકપૂર્વક કરજો. બ્લ્યુ ફિલ્મના ચક્કરમાં કદી ન પડશો. એ તમારી અનેક કુમાન્યતાઓને પોષશે. બ્લ્યુ ફિલ્મ્સ અને પોર્નો બૂક્સનો હેતુ વૈપાનિક સેક્સ એજ્યુકેશન પૂરું પાડવાનો હોતો નથી. તેમ છાપાં અને સામયિકોમાં આવતી સેક્સ વિષયક જાહેરાતોથી પણ ગેરમાર્ગે ન દોરવાશો. ઓ છોકરાઓમાં હસ્તમૈથુન, શીઘ્રપતન, સ્વપ્નદોષ, જાતીય નબળાઇ અને લિંગના કદ બાબતમાં તેમ જ છોકરીઓનાં શરીરનાં બાંધો, યોનિસ્રાવ, અને સ્તના કદ બાબતમાં અનેક પ્રકારની ભ્રામક માન્યતાઓને પોષે છે. તમે આવું બધું વાંચીને અને જોઇને ગેરમાર્ગે ન દોરવાશો કે છેતરાશો નહીં. કોઇ 'સેક્સ ટોનિક' ખરીદીને મૂર્ખ ન બનશો. એ તમને હાનિ કરશે. આ બધી જાહેરાતો તમારા જેવા યુવાન લોકોના મનમાં ઘર કરી ગયેલી સેક્સને લગતી કુમાન્યતાઓને પોષીને વેપાર કરવાના ઉદ્દેશથી બનાવવામાં આવેલી હોય છે.

લગ્ન થતાં પહેલાં જાતીય સંબંધ ન બાધવો જોઇએ એવી સલાહ આજના યુવાનોને જુનવાણી લાગે, પણ આપણા સમાજમાં આવા સંબંધોને, લગ્ન વગરના સહજીવન અને સેક્સને તથા કુંવારી માતાઓને માન્યતા મળેલી નથી. તમારે પશ્ચિમનું આંધળું અનુકરણ ન કરવું જોઇએ. અપાકટ વયે સામાજિક સ્વીકૃતિ વગર સેક્સ સંબંધથી એઇડ્ઝ સહિતના જાતીય રોગો અને ગર્ભધારણનો ભય ઊભો થાય છે. છોકરઓને આવા કિસ્સાઓમાં ઘણું શોષવું પડે છે. 'સેક્સની મજા લેવા જતાં આકસ્મિક ગર્ભધારણ થઇ જાય તો એબોર્શન કરાવી લેતાં કયાં વાર લાગે છે?' એવું તદ્દન બિનજવાબદાર વલણ ન ચાલે. એબોર્શનને સાવ એટલું હળવાશની લેવાય. છોકરીઓ એ તાત્કાલિક અને લાંબા ગાળાની અનેક પ્રકારની મુશ્કેલીમાં મૂકી શકે છે. લગ્ન પહેલાનો શારીરિક સંબંધ પ્રેમ, જવાબદારી અને સમજનો અભાવ દર્શાવે છે. એ સ્થૂળ વાસના સંતોષવાનો હલકો પ્રયાસ છે. એનાથી તમે દૂર રહો એ જ સારું છે.

કોઇ છોકરી એની કુંવારી અવસ્થામાં આવા સંભોગનો ભોગ બની હોય તો એટલા માત્રથી એ તિરસ્કારને પાત્ર બની જતી નથી. કમનસીબે આપણો સમાજ છોકરાઓના ચારિત્ર્યની ચિંતા નથી કરતો એટલું છોકરીઓના કૌમાર્યને મહત્ત્વ આપે છે. કુંવારી અવસ્થામાં બાંધેલો પ્રેમ એ શારીરિક સંબંધ બંને પક્ષે આપત્તિનું કારણ બની શકે છે. છોકરીઓને આમાં ખાસ કરીને વધારે સહન કરવાનું આવે છે. પરણેલા સ્ત્રી-પુરુષે પોતાનો ભૂતકાળ ભૂલી જવો જોઇએ. પોતાના જીવનસાથીથી આવી કોઇ ભૂલ થઇ હોય તો એને મોટું દિલ કરીને માફ કરી દેવી જોઇએ. એના લીધે લગ્નજીવન પર આંચ ન આવવા દેવી જોઇએ. લગ્ન પહેલાંની વાતને વિસારે પાડીને બંને પાત્રો લગ્ન સંબંધે બંધાયા પછી એકબીજા સાથે કેટલી નિષ્ઠા એન વફાદારીથી સંબંધ નિભાવે છે એ જોવું વધારે મહત્ત્વનું છે. છોકરીઓનું કૌમાર્ય એ મનનો વિષય છે. નહીં કે બે પગની વચ્ચેનો. પુરુષોએ આ બાબતમાં ઘણી ઉદારતા કેળવવાની આવશ્યકતા છે. આપણો સમાજ પુરુષપ્રધાન છે. છોકરીઓ અને સ્ત્રીઓ તરફ એનો દૃષ્ટિકોણ ઘણો ભૂલભરેલો છે. એમને આપણે ઉતરતી, ઓછી બુદ્ધિશાળી અને અબળા તરીકે ગણીએ છીએ. એમને પોષણ, ભણતર અને જીવનની પાયાની જરૂરિયાતોથી વંચિત રાખવામાં આવે છે. છોકરાઓ જેટલી તકો છોકરીઓને મળતી નતી. વાસ્તવમાં કુદરતે અમુક દેહધાર્મિક ગુણોને બાદ કરતાં સ્ત્રી અને પુરુષના શરીરને બધી જ વાતે સરખું જ સમક્ષ બનાવેલું છે. સ્ત્રી અને પુરુષ એકબીજાના વિરોધી નહીં, પણ પૂરક છે. ઘણી બાબતમાં સ્ત્રીઓ પુરુષોની સરખામણીમાં વધારે ક્ષમતા ધરાવતી હોય છે. એમનું હૃદય વધારે તંદુરસ્ત હોય છે. એટલે તો પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓને હૃદયરોગનું જોખમ ઓછું રહે છે. સ્ત્રીઓના શરીરના આંતરિક અવયવો પુરુષોના અવયવોની સરખામણીમાં વધારે તાણ સહી શકે છે. કલ્પના કરી જુઓ કે પુરુષો ગર્ભધારણ અને પ્રસવનો બોજ ઉપાડવાનો આવે તો એ માટે એમનું શરીર સજ્જ હોય છે ખરું? પુરુષો કરતાં સ્ત્રીઓ માંદી પણ ઓછી પડે છે. માનવજાતિના પ્રજનનના કાર્યમાં સ્ત્રીઓનો ફાળો ખરેખર ઘણો જ મોટો છે. એટલે આપણે એણની કદર કરવી જોઇએ. એમને આદર અને સન્માન આપવાં જોઇએ. આજે તો હવે ઘણાં ક્ષેત્રોમાં મહિલાઓ પુરુષ સમોવડી બની ચૂકી છે. ભણતર અને વ્યવસાયિક કારકિર્દીમાં એ કાઠું કાઢી રહી છે. સ્વતંત્ર બની રહી છે. ઘરનાં કામોની સાથે બાળકોનો ઉછેર પણ કરે છે, તેમ જ કુટુંબને આર્થિક આધાર પણ પૂરો પાડે છે. આજે જીવનનું કોઇ પણ ક્ષેત્ર એવું નથી કે જેમાં મહિલાઓ આગળ ન આવી હોય. સામે પક્ષે પુરુષો એમને મળેલી પારંપરિક સામાજિક ભૂમિકાથી આગળ વધીને કોઇ નવી સિદ્ધિ હાંસલ કરી બતાવી નથી. આજના બદલાતા સામાજિક પરિપ્રેક્ષ્યમાં મહિલાઓ અને પુરુષોની ભૂમિકા બદલાઇ રહી છે. પુરુષોએ બાળકોનાં ઉછેરમાં, રસોડામાં અને ઘરકામમાં મદદરુપ બનવું પડશે. હવે એ માત્ર નોકરી કે ધંધો સંભાળી બેસી રહેશે અને ઘરની સ્ત્રીઓ પાસેથી મળીને સંસાર જીવનની ધુરા સંભાળવાની છે. આ માટે પુરુષોએ પોતાની માનસિકતા બદલવાની સાથે ઘણી બાંધછોડ કરવાની જરુર પડશે. આની કેળવણી તમારે આ ઉંમરથી જ શરુ કરી દેવી જોઇએ.

તમારે તમારા જીવનમાં આવી રહેલાં આ સઘળાં પરિવર્તનો સ્વીકારીને ચાલવું જોઇએ. તમે જીવનના પડકારો ઉઠાવવા માટે તૈયાર થાઓ અને એમને સફળતામાં બદલો એ તરૂણાવસ્થાની માંગ છે. તમારા જીવનમાં આવી રહેલા તમામ બદલાવોની સામે તમારે સજ્જ થવું જોઇએ. આ માટે આટલી વાતો ખાસ યાદ રાખજો :

- તમારી પોતાની શક્તિમાં અખૂટ વિશ્વાસ રાખજો.
- પ્રત્યેક પ્રયત્નમાં તમારી સર્વશ્રેષ્ઠ શક્તિ કામે લગાડશો. મહેનત કરવામાં કદી પાછું ફરીને ન જોશો.
- તમારા આહાર, સ્વાસ્થ્ય અને સ્વચ્છતાનું બને તેટલું ધ્યાન રાખજો. ખોટી આદતો અને નશાથી બચીને રહેજો.
- ઉત્તમ ચારિત્ર્ય કેળવજો. તમારો દેખાવ મહત્ત્વનો નથી. ઊંચા વિચારો, ઉચ્ચ આદર્શો અને સારાં કામોમાં રાચજો.
- સાદું જીવન જીવજો.
- સૌને સન્માન આપજો. તમે પોતે સૌના સન્માનના અધિકારી બનો એવું કામ કરી બતાવજો.
- તમારી લાગણીઓને સ્વસ્થ રીતે વ્યક્ત કરતાં શીખજો. હિંસા અને આક્રમકતાનો માર્ગ કદી ન લેશો.
- કોઇ પ્રકારનાં ખોટા દબાણોને કદી વશ ન થશો. ગુનાહિત કામો ન કરશો. જે સ્થાનમાં રહો છો તેના કાનૂનને આદર આપજો અને ઉત્તમ નાગરિક ધર્મ બજાવજો.
- પોતાના અધિકારોનો જેટલો ખ્યાલ રાખો છો એટલું જ પોતાની જવાબદારીઓ અને ફરજો પ્રત્યે સભાન બનીને ચાલજો. તમે જેની ઇચ્છા રાખતા હશો એ તમારે વળતામાં સામે આપવાની જરુર પડશે. જેમ કે તમારે તમારા માતાપિતાનો વિશ્વાસ જીતવો હોય તો તમે પોતે એમનામાં સામે એટલો જ વિશ્વાસ કેળવજો. બીજાને માન આપશો તો જ તમે પોતે પણ એમનાં માનના અધિકારી બની શકશો.

પ્રિય તરૂણ, તમે આ દેશનું ગૌરવ અને આવતીકાલની આશા છો. તમે તમારા જીવનના આ તબક્કાને સફળતાપૂર્વક પાર ઊતરો અને દેશના એક સબળ, સારા આદર્શ અને જવાબદાર નાગરિક બનીને બહાર આવો એવી તમને મારી શુભેચ્છા છે.

(સમાપ્ત)

બાળકોને ગમતા નવીનતા સભર પાત્રોનો વિવિધતાસભર બાળવાર્તા સંગ્રહ

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

વ્હાલનો દરીયો એટલે બાળક. તેને તમે જેટલાં લાડ લડાવો તેટલાં ઓછા... બાળકોને વાર્તા સાંભળવી બહુ ગમે છે. પરંતુ આજકાલ તેનું ચલણ ઓછું થઇ ગયું છે. ટેલિવિઝનની ભરમાર ભરી શ્રેણીઓ, વીડિયોગેમ અને ઇન્ટરનેટ જેવાં માધ્યમોના કારણે બાળક આ વારતા શ્રવણના વારસાથી વંચિત થતો જાય છે. શાળાઓમાં પણ અનેકવિધ પ્રવૃત્તિઓ વચ્ચે વાર્તાઓ ભૂલાતી જાય છે. પણ વાર્તા આપણો અમર વારસો છે. આપણી સંસ્કૃતિની ઝલક આ વાર્તાઓમાં દેખાતી હોય છે. એક પેઢીથી બીજી પેઢીને આ વાર્તાનો વારસો આપી જવો એ આપણી નૈતિક ફરજ છે. તેમાં ફરજચૂક પાલવે નહીં. એ વાત તો તમે સ્વીકારશો જ. પણ આવી વાર્તાઓ અને તે પણ નવીનતા સભર મળે તો?

હાં, મારે તમને બાળવાર્તાના એક એવાં જ સરસ પુસ્તકની વાત કરવી છે. આ પુસ્તકનું નામ છે 'ઉપકારનો બદલો' સંગ્રહની પ્રથમ વાર્તાનું આ શિર્ષક પણ છે. તે ઉપરાંત સુંદરનું સુખ, રાજાનો હાથી, બિમારીનો ઇલાજ, પિતૃભક્ત બાળક, જાદુઇ પથ્થર અને કઠિયારો, પાખંડનું પરિણામ, ભાગો રે ભાગો અભિમાની હરણ, સચ્ચાઇનું ઇનામ, અભિમાની ચેતારામ, લોભનું ફળ, રામુની પ્રમાણિકતા, દરજીની ચતુરાઇ, ઊંટ સાથે બિલાડી, ચતુર વાળંદ, ગુરુ અને શિષ્ય, લક્ષ્મનો માતૃપ્રેમ, સરકસનો હાથી, વાંદરો અને માણસ, દયાનું ફળ, કંજુસ શેઠ. વાર્તાઓ આપણને સંગ્રહમાંથી મળે છે.



બાળવાર્તાના આ પુસ્તકને ગુજરાત સહિત અકાદમીનું પારિતોષિક પ્રાપ્ત થયેલું છે. જે વાર્તાસંગ્રહની ગુણવત્તા સભરતા અને બાળભોગ્યતાનું દ્યોતક તમે ગણી શકો. વાર્તાસંગ્રહને જાણીતા બાળવાર્તાકાર નટવર પટેલનો આવકાર સંદેશ પણ પ્રાપ્ત થયો છે. તેઓ ખાસ નોંધે છે કે 'શબ્દમાંથી ચિત્રસર્જનની કળાના લેખક મર્મજ્ઞ છે. બાળ સાહિત્યમાં ઊંડો રસ ધરાવે છે. વિવિધ રસસભર તેમની આ વાર્તાઓ બાળકોને અચૂક ગમશે.' તો વળી શૈશવ સંસ્થા ભાવનગરના ધર્મેશ મહેતા પણ જણે છે કે વાર્તાઓ સાંભલવી એ બાળક માટે પરમ આનંદની વાત છે કેમ કે રસ વિનાનું શિક્ષણ એ ચેતના વિનાના શરીર જેવું છે. પ્રાથમિક ધોરણોથી જ બાળકોને વાર્તાનો લાભ વધુમાં વધુ આપવો જોઇએ. આ કક્ષાના બાળકો માટે વાર્તાનું માધ્યમ ઉત્તમમાં ઉત્તમ છે. વાર્તાથી અભ્યાસમાં રસપ્રદતા આવશે, નીરસતા ઘટશે. આથી શિક્ષણમાં ઝળુંબતો સ્થગિતતાનો પ્રશ્ન હળવો બનશે.

લેખક પોતે પણ વાર્તાઓ વિશે થોડીક વાત કરતાં કહે છે કે, 'બાળકોમાં સંસ્કારચિંતનનું પ્રબળ માધ્યમ હોય તો તે વાર્તા છે. વાર્તા તેના આજાગ્રત મન પર એક વિશે પ્રભાવ પડે છે. તેની કલ્પનાને પાંખો મળે છે. પછી તે મુક્ત મને આકાસમાં વિહરવા લાગે છે.'

આપણે ત્યાં પ્રાચીન કાળથી વાર્તાઓની વિશેષ પરંપરા રહી છે. ઉપનિષદો હોય કે પુરાણો, હિતોપદેશ હોય કે પંચતત્ર, આજે પણ તે તેટલી જ પ્રાસંગિક લાગે છે. દાદીમાંના કે માતાના ખોળામાં માથું મુકી વાર્તા સાંભળતાં કયારે ઊંઘ આવી જાય તેની કબર પણ પડતી નથી. વાર્તાઓ બોધ તો આપે છે સાથોસાથ આનંદની હેલીમાં રસતરબોળ પણ કરે છે. કયારેક રહસ્યના તાણાવાણામાં ચકરાવે ચઢાવે છે. તો કયારેક ચતુરાઇના દાવપેચ શિખવે છે. છેવટે તો વાર્તાઓ વાર્તા છે. એટલે હજારો વર્ષોથી બાળકોની સાથે કિશોર, તરૂણ જ નહીં, મોટેરાઓ પણ તેનો રસ લૂંટતાં રહ્યાં છે. બાળપણમાં સાંભળેલી વાર્તાઓ નજર સામે તરવરે છે. તેથી જ આજે પણ વાર્તા સાહિત્ય અજરઅમર છે.

આ સંગ્રહની જુદી જુદી ૨ ૩ વાર્તાઓમાં બાળકોને આનંદ સાથે બોધ મળે તેવો લેખકે સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે. જે ધન્યવાદને પાત્ર છે. કેમ કે આપણી આજુબાજુ જીવતા પાત્રો કે બાળકોને પ્રિય એવાં પશુ-પંખીઓનાં પાત્રોને આ વાર્તાઓમાં જીવંત કરવાનો સુંદર પ્રયાસ કરાયો છે. કયારેક રાજા તો કયારેક રાણી, કયારેક ઉંદર તો કયારેક હરણ, કયારેક ખેડૂત તો કયારેક શેઠ જેવાં પાત્રો વાંચકને જરુર ગમશે કારણ કે વાર્તાઓનાં સાથોસાથ તેને અનુરુપ ચિત્રો પણ મુકવામાં આવ્યાં છે જે બાળકોને વાર્તા રસપૂર્વક વાંચવા પ્રેરે તેવાં છે.

'ઉપકારનો બદલો' બાળવાર્તા સંગ્રહના લેખક મધુકાન્ત પ્રજાપતિ મૂળ મહેસાણા જિલ્લાના ગોઝારીયાના વતની છે. તેમની જન્મ તારીખ ૨૬-૨-૧૯૬૨ છે. તેઓ હાલ અમદાવાદમાં રાણીપ ખાતે નિવાસ કરી સાહિત્ય પદાર્પણ કરી રહ્યા છે. વ્યસયાટે ટાઉન પ્લાનિંગ ખાતામાં સેવારત હોવા છતાં સાહિત્ય સર્જન ઉપરાંત અન્ય અનેક સેવાભાવી પ્રવૃત્તિઓમાં સતત કાર્યરત રહે છે. રાણીપ વિસ્તારમાં ચાલતું સંસ્કાર વાંચનાલય હોય કે સાર્વજનિક પુસ્તકાલય, ગુજરાત પ્રજાપતિ સમાજનું વ્યવસ્થાપક પદ હોય કે પ્રગતિમંડળનું પ્રમુખ પદ તેમણે સેવાની સુવાસ ચારેકોર પ્રસરાવી છે. છેલ્લા પંદરેક વર્ષોથી 'સાધના' સાપ્તાહિકના બાળ વિભાગનાં સંપાદક તરીકે તેઓ સેવા આપી રહ્યાં છે. તેમની અનેક વાર્તાઓ બાળસંદેશ, ફૂલવાડી, ઝગમગ જેવાં સામયિકોમાં પ્રસિદ્ધ થઇ ચૂકી છે. સ્વભાવે સરળ, નિખાલસ અને મિલનસાર પ્રવૃત્તિના મધુકાન્તભાઇ એક સારા મિત્ર તરીકે મિત્રતા કેળવી જાણે છે. તેમને 'સ્ત્રી' સાપ્તાહિકમાં પાંચ વર્ષ સુધી યુવાનોને પ્રેરણા આપતી 'યુથ કલબ' નામની કોલમ પણ લગી છે.

'ઉપકારનો બદલો' બાળવાર્તા સંગ્રહ પ્રથમવાર સને ૨૦૦૬માં પ્રગટ થયેલો. તેની આ બીજી આવૃત્તિ અવનિકા પ્રકાશન દ્વારા પ્રગટ થઇ રહી છે. ત્યારે બાળભોગ્ય આ વાર્તાસંગ્રહને હું હૃદયથી આવકારું છું અને મધુકાન્તભાઇને અભિનંદન પાઠવું છું.

'ઉપકારનો બદલો' (બાળવાર્તા સંગ્રહ)
લેખક - મધુકાન્ત પ્રજાપતિ
પ્રકાશક - અવનિકા પ્રકાશન, ૪૧૯/એ, સર્વોદય કોમર્શિયલ સેન્ટર, ચોથે માળ, જીપીઓ પાસે, અમદાવાદ- ૩૮૦૦૦૫
કિંમત - ૭૫ /-
બીજી આવૃત્તિ - ૨૦૧૪

સમુદ્રને સંરક્ષણ આપતો આવો દિવસ તેના હેતુ સાથે વ્યાપક રીતે ઉજવાય તે આપણા સૌ પૃથ્વીવાસીઓના હિતમાં છે

આજે ૮ જૂન : વિશ્વ મહાસાગર દિન

- યતીન કંસારા

''ખારા ખારા ઉસ જેવા આછા આછા તેલ
પોણી દુનિયા ઉપર એવા પાણી રેલમછેલ''

ઈ.સ. ૧૯૯૨માં બ્રાઝિલના રિયો ડી જેનેરો ખાતેના 'વિશ્વ પર્યાવરણ સંમેલન'માં સમંદરના દિનપ્રતિદિન બગડતા જતા સ્વાસ્થ્યને ધ્યાને લઈ મહાસાગર દીનતાને રોકવા આ દિન દર વર્ષે ૮ જૂને ઉજવાય છે. સૌ પહેલાં તો 'સાગર' **(Sea)** અને મહાસાગર **(Ocean)** વચ્ચેનો ભેદ સમજવા જેવો છે. આશરે વીસેક કરોડ વર્ષ પહેલાં ઊંચી સપાટી ધરાવતો એક મોટો ભૂસ્તરીય પોપડો જ્યારે તૂટ્યો અને તેના ટુકડા પરસ્પર વિરુદ્ધ દિશામાં સરક્યા ત્યારે કિચડમાં ચીષ પાડ્યા ખટારાના પૈડાની જેમ તેઓ લાવાના ઘટ્ટ રગડાને દાબતા ગયા. કિચડ સૂકાયા પછી ચાષ કાયમનું નક્કર સ્વરૂપ ધારણ કરે એ રીતે ત્યાં 'ગોબા' પડ્યા અને વરસાદી પાણી ભરાતા તેમાં મહાસાગરો બન્યા. દા.ત.. આફ્રિકા અને અમેરિકા વચ્ચે જ્યાં લાંબુ અંતર પડ્યું એ સ્થળે એટલાન્ટિક મહાસાગરે જન્મ લીધો. ઉપલા પોપડા ઠરીને દરમ્યાન ખંડોનું સ્વરૂપ પામ્યા. આ પ્રથમ ઘટના પછીના બીજા તબક્કામાં પણ ખંડોને વખતોવખત ભૂસ્તરીય ઝટકા લાગ્યા. કોઈ ઠેકાણે ફાટ પડી તો ક્યાંક ભારતીય ઉપખંડમાંથી શ્રીલંકા જેવા ટુકડા જ પડી ગયા. મહાસાગરોનું પાણી ત્યાંના ખાંચામાં ધસી આવ્યું. ભૌગોલિક રચના અને કદ મુજબ અખાત, સામુદ્રધુની, ઉપસાગર, સાગર એવાં નામો મળ્યાં. જો કે આપણે સમગ્ર સમુદ્રી વિસ્તારો, સમુદ્રોની વાત કરીએ છીએ.

પરંતુ આજે મહાસાગરોની સ્થિતિ કેવી છે? વિશ્વના મહાસાગરો પણ આજે વિશ્વના દેશોના કચરાની કચરાપેટી જેવા બની ગયા છે અથવા તે તરફ જઈ રહ્યા છે. પૌરાણિક કાળમાં સમુદ્રમંથન કરીને અમૃત કાઢવામાં આવ્યું તે કથા હવે ભૂલી જાય અને હાલના કળિયુગમાં 'ભૂમિમંથન' દ્વારા નીકળતાં જે વિવિધ પ્રકારના ઝેર ખુદ સમુદ્રએ પીવાના થાય છે. આપણા હિન્દ મહાસાગરની વાત કરીએ તો ભારતના નદીનાળા વરસાદી નિતાર સાથે દર વર્ષે ૫૨ લાખ ટન રાસાયણિક ખાત લાખોટન જંતુનાશક દવાઓ અને જથ્થાબંધ સિન્થેટીક ડિટર્જન્ટ ઠાલવે છે. ઉપરાંત સમગ્ર ભારતનો ૭૦ કરોડ ટન ઔદ્યોગિક કચરો, ૧૫ કોડ ટન ભારે ધાતુઓ તેમજ ૧૦ કરોડ ટન શહેરી ઉકરડો હિન્દી મહાસાગરમાં પધરાવાય છે. અત્યારે વિશ્વના અને ભારતના પણ કેટલાય વટવર્તી વિસ્તારો સમુદ્રી જીવોના અભાવે **(dead zone)** બની ગયા છે. ગ્રીનહાઉસ ઈફેકટના પાપે ઓગળી રહ્યા છે.બર્ફસ્તાનોને કારણે મહાસાગરોની જળસપાટી વધવાથી પેસિફિક મહાસાગરના ઘણા ટાપુઓ પર ખારા પાણીનાં મોજા હવે લાંબે સુધી પથરાવા લાગ્યા છે અને ખેતી ચૌપટ થવા લાગી છે. ગ્લોબલ વોર્મિંગ અસરથી સમુદ્રી પાણીના તાપમાનમાં થયેલા ફેરફારોને લીધે ઈ.સ. ૨૦૩૦ સુધીમાં જગતની ૬૦ ટકા પરવાળા સૃષ્ટિ સંદતર નાશ પામી ચૂકી હશે. ભરશિયાળામાં યુરોપીય દેશોને ખાસ્સી હૂંફ આપી તેમને કોલ્ડ સ્ટોરેજ બનતા અટકાવતો ગલ્ફ સ્ટ્રીમનો ગરમ પ્રવાહ ક્રમશઃ નબળો પડી રહ્યો છે, જે પણ સમુદ્રના તાપમાનની વધઘટ અને તેની વ્યાપક અસર સૂચવી ખતરાની ઘંટડી સમાન છે.

વિશ્વના દેશોના નૌકાદળના યુદ્ધજહાજો સબમરીનનો પત્તો લગાવવા માટે પોતાના સોનારયંત્રો વડે અશ્રાવ્ય અવાજના મોજા સાગરપેટ